# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૩૮૭ • તા. ૮ નવેમ્બર થી ૧૪ નવેમ્બર ૨૦૨૫

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# શ્રી છત્તીસગઢ ક. દ. ઓ. જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા

# દીપાવલી મિલન

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.


For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com Contact : 9884899494 E.Mail : pratik.mota@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સુખી માણસ બીજાના સુખનો વિચાર કરે

ધર્મનો બોધ છે કે બીજાનું સારૂં કરો તો તમારૂં સારૂં થાય. માત્ર ધન, પદ, પ્રતિષ્ઠાથી માણસ મહાન બનતો નથી. માનવીના કર્મ, સારા વિચાર અને સારી ભાવના એને ઉચ્ચ ભાવ પર પહોંચાડે છે. આ જગમાં એ જ માણસ મોટો છે જે બીજાના સુખનું વિચારે છે. પોતાના સુખનો જોનાર સ્વાર્થી છે પણ, અન્ય જરૂરત વાળાના સુખની કાળજી રાખનાર પરમાર્થી છે. નિસ્વાર્થી ભાવ અને ત્યાગ વગર મોટાઈ મેળવી શકાતી નથી. કોઈ પણ વ્યક્તિ આપમેળે મોટો થઈ જતો નથી. કુટુંબ અને સમાજના સહકાર અને નાના માણસોના ટેકા વડે પ્રગતિ સાધી આગળ વધતાં જઈ મોટો બને છે. તેને શિખર પહોંચાડવા પાછળ જે વ્યક્તિઓ જહેમત ઉઠાવી છે. તેના ગુણ, ઉપકાર ભૂલી જવા ન જોઈએ. બીજાને સહારે ઉપર આવનાર જ્યારે અવગુણી થઈ તેને ટેકો આપનારને ભૂલી જાય છે. ત્યારે તેની મોટાઈ ખોટાઈ બની જાય છે. આ દ્રોહ છે. વિશ્વાસ હનન છે. પરિવારજનો, મિત્રો અને સમાજની સારી વ્યક્તિઓનું ઋણ માથે લેનાર એ કોઈ પણ રીતે એ કરજ ઉતારી હળવું થવું જોઈએ. દાન, સેવા કે સમર્પણ અથવા સહાય કરીને સહયોગ માર્ગદર્શન દ્વારા ભલું કરવું એ જ સાચું માનવ ધર્મ છે.

માણસ સંઘર્ષ કરીને સફળતા પામે છે. શરૂઆત કાળમાં માંડ માંડ નાનકડી મૂડી જમા થાય એ માટે ઘણો ભોગ આપવો પડે છે, ઘણી કઠોર મહેનત, રાત-દિવસ એક કર્યા બાદ જે પૂંજી એકઠી થાય એનું રોકાણ બુદ્ધિ વાપરીને કરાય તો તે જમીનમાં વાવેલા બીજનું જે કાર્ય હોય એ કરે છે અને ખણખણતા નાણાં જમા થાય છે. ''પૈસાના ઝાડ નથી ઉગતાં'' એ કથન એ રીતે સાચું છે. થોડી ઘણી મૂડી જમા થઈ હોય તેને જતનથી જાળવી હોય તો સમયાંતરે મોટો ભંડોળ સર્જી દે છે નહિં તો એ જમા પૂંજી પાણીની જેમ હાથમાંથી સરી જઈ નજર સામેથી નિસરી જાય છે.

માનવીની ઉણપો અને ક્ષતિઓ ધનના ઢગલા નીચે ઢંકાઈ જાય છે. નાણાંવાળો સમર્થ ગણાય ભલે પણ તેના દોષ ઝટ નજરે આવી જાય છે. ધન એ જીવનની જરૂરિયાત છે. ભલે સાચી વાત છે પણ એ કંઈ સર્વે સર્વ નથી. તમામ સુખોને સાચાં સંબંધો પૈસાથી મળતાં નથી. દરેક વસ્તુની મર્યાદા હોય છે. તેમ જ્ઞાન, શક્તિ, સમજ અને ઉદારતા હોવા જરૂરી છે. નમ્રતાનો ગુણ એનામાં ન હોય તો તેની કિંમત કોડીની હોય છે. પૈસાથી સર્વે સાધનો, સગવડ મળે છે. પણ સુખ મળતું નથી. સાચો સંબંધ મળતો નથી.

સફળ જીવનનો હાર્દ સુખી થવામાં ને અન્યને સુખી કરવામાં નિમિત બનવામાં છે. જીવનમાં કશું પણ આપ્યા વગર મેળવી શકાતું નથી. જે જેવું વાવે છે તેવું તે લણે છે. જ્ઞાતિ, સમાજ પાસેથી કે સગા સંબંધીઓ પાસેથી જે આપણે મેળવ્યું છે. તે યથાશક્તિ પરત કરવું એ આપણો સંનિષ્ઠ પ્રયાસ હોવો જોઈએ. સફળતા મળે ત્યારે અભિમાન ન હોવું જોઈએ. અહંકાર એ પતનનો પાયો બને છે. જે સીડી આપણને ઉપર લઈ જાય છે તે નીચે પણ ઉતારી શકે છે. એ જ્ઞાન ગાંઠે બાંધી લેવું જોઈએ. જેવું કરીશું તેવું પામીશું એ ભાવ સમજી લઈ સુખી થયા પછી અન્યને કેમ સુખી કરી શકાય એવા ભાવ ધરાવી એ તો સમાજ જલદી ઉન્નત થાય.

– જય જ્ઞાતિમૈયા

# સમસ્યા અને સમાધાન

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

માનવી અધીર જીવ છે. નાની વાતમાં હતાશ થઈ જાય છે. હાય હાય હવે શું થશે? તેનો વલો પાત કરતો રહે છે. જલ્દી મન મગજ પર કાબૂ ગુમાવી બેસે છે અને ચિંતાતુર થઈ હતાશામાં સરી પડે છે. જ્યારે અન્ય કોઈ એવો પણ હોય છે. જેને પોતાની પર અતૂટ વિશ્વાસ હોય છે કે બધું સારું થઈ રહેશે. જેને પોતાની ઉપર ભરોસો હોય છે તેને હૈયે સતત સારું થઈ રહેશે એવું તેને લાગે છે. આ અતૂટ તેની શ્રધ્ધા હોય છે જે તેને ડગાવી શકતી નથી.

કેટલીક વાતોના ડંખ આપણને સતત ચૂભતા રહે છે. કેટલીક અણગમતીત વાતો, કેટલીક ઘટનાઓ કે અપ્રિય કિસ્સાઓ એવા હોય છે એ જેટલી વાર યાદ આવે એટલી વાર દિલને કસક આપે છે, દર્દ, યાતના કે શોક આપે છે. એક વખત પૂરતી વાત હોય તો ઠીક છે પણ ઘણા કિસ્સાઓમાં તો એવું બનતું હોય છે જેમ જેમ સમય જાય તેમ તેમ પેઈન ઘટવાને બદલે વધે છે એવું કહેવાય છે. સમય એ દરેક સમસ્યાનું ઓસડ છે પણ કેટલાક દર્દને ઘડિયાળના કાંટા પણ ઝાંખા કે હળવા કરી શકતા નથી. રૂઝ આવી ગયેલ જખ્મને ખોતરવાથી જેમ તે ફરી પીડા દાયક બને છે તે પ્રકારે એ વાત દર્દ આપતી રહે છે.

શ્વાસોની ગતિ પણ જો વધ-ઘટ થતી હોય, જીંદગીની બીજી અનેક બાબતો ચડ ઉતાર થતી હોય તો આપણું જીવન એમાંથી કેમ બાકાત રહી શકે. કેટલાક લોકોને આપણે ચાહીએ તો પણ ટાળી શકતા નથી. જિંદગીમાં આવતા જોખમી ખતરાઓને ઓળખવા જોઈએ. અમુક માણસો પણ આ ખતરા જેવા હોય છે. માણસને પામતાં પહેલા માપવા પડે છે. જો માપવામાં ભૂલ થઈ તો પછી એમને પામવામાં ખતરો થવાનો છે. અને એનાથી થનારૂ નુકસાન આપણને ભોગવવાનું છે. આમ પામવાનો પસ્તાવો કરવો પડશે એ નક્કી છે. દુનિયામાં વ્યક્તિને ઓળખવાનું કામ સૌથી અઘરું છે પણ એ શીખવું પડતું હોય છે અને એ જરૂરી પણ છે. આ ઓળખવાની તકનિક ન આવડે તો પછી જિંદગી અઘરી થઈ જાય છે.

જિંદગીમાં એક નકામો અને નઠારો માણસ આપણા સંપર્કમાં આવી જાય તો એનાથી જીવવાનું હરામ થઈ જાય છે. ઘણા લોકોમાં એ આવડત હોય છે કે ગમે તેવા વમળમાં ફસાઈ જાય પણ હેમખેમ બહાર આવી જ જાય. આ ટેકનિક આ ગત બધામાં નથી હોતી. અમુક એવા હોય છે, જે દલદલમાં ફસાયા પછી તેમાંથી ઉગરવા ઘમપછાડા કરે રાખે છે. સમય સરકતો જાય છે પણ તેઓ બહાર આવી શકતા નથી.

આપણે પીડા ઉપર મલમ લગાવનારા કોઈક જ હોય છે. બાકી તો તીરે ઊભી તમાશો જોનારા હોય છે. ઉપરથી સલાહ આપે છે. આપણી સમસ્યાથી છૂટકારો પામવાનો મારગ આપણને શોધવો પડે છે. ઘણી વખત મારગ કંડારવો પડે છે. તો જ સમસ્યાથી મુક્તિ મળી શકે છે. આપણે જેનાથી બઁધાયેલા છીએ એ જંજીરો ઘણીવાર આભાસી હોય છે. જેને જોશભેર ઝાટકવાથી જંજીરો તૂટી જાય છે. જો આપણે ઝાટકો ન મારીએ તો એમાં વાંક આપણો હોય છે. સમસ્યામાંથી છૂટવા આ સાવધાની રાખવી જરૂરી છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા
# દીપાવલી મિલનનો આયોજન

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દીપાવલી મિલન, વિદ્યાર્થી અભિનંદન સહ વિશિષ્ટ સમ્માન સમારોહ રવિવાર તા.૨ નવેમ્બર સવારે ૧૦ વાગેથી શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધ લક્ષી હોલમાં રાખવામાં આવેલ. મુખ્ય અતિથિ રૂપે શ્રી ભૂપેશ ઉમરશી શાહ (જખૌ-ધમતરી) વિશિષ્ટ અતિથિ રૂપે શ્રી યોગેશ પદમશી દંડ (મંજલ રેલડીયા-ભિલાઈ) સાથે મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, ઉપાધ્યક્ષ શ્રી ભૂપેન્દ્ર ગોવિંદજી













# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલી મિલનનો આયોજન

મોમાયા, સચિવ શ્રી કિશોર મેઘજી મોતા, સહસચિવ શ્રી હિતેશ શરદ મોમાયા શ્રી કુંથુનાથ મહિલા મંડળના પ્રમુખ સૌ. કલ્પના ચેતક લોડાયા, યુવા મંડળના પ્રમુખ શ્રી વિરલ રાજેશ લોડાયાની સાથે શ્રી કુંથુનાથ જિનાલયની ૨૫મી ધ્વજા મહોત્સવ સમિતિના સંયોજક શ્રી હરીશ જવેરચંદ લોડાયા મંચ પર વિરાજમાન હતા. સર્વપ્રથમ શ્રી નવકાર મહામંત્ર દીપ




















# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલી મિલનનો આયોજન

પ્રાગટ્ય બાદ ચિ. શૌર્યા ધવલ લોડાયા દ્વારા સુંદર કથ્થકલી નૃત્ય, શ્રી કુંથુનાથ દાદા, શ્રી મહાકાલી માતાજી અને જ્ઞાતિ શિરોમણિ શેઠ શ્રી નરશી નાથાજી ફોટો પર માલ્યાપર્ણ અતિથિઓ દ્વારા કરવામાં આવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા સ્વાગતીય ઉદ્‌ઘોબોધન અને નૂતન વર્ષાભિનંદનની શુભકામના સંદેશ બાદ અતિથિઓનું મોમેન્ટો, શ્રીફળ, શાલથી બહુમાન કરવામાં આવેલ. વિશિષ્ટ સમ્માન માટે સૌ. મંજુલાબેન કુલીનકાંત જીવાણી (જખૌ-રાયપુર) દ્વારા











# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલી મિલનનો આયોજન

શ્રી કચ્છની પંચતીર્થ યાત્રા કરાવા બદલ મોમેન્ટો, શાલ, શ્રીફલથી બહુમાન અને સૌ. ભાવનાબેન કીર્તિભાઈ પોલડીયા (બાયઠ-રાયપુર) અને શ્રી નયન સતીશભાઈ છેડા (સુજાપુર-રાયપુર), ઉપલબ્ધિ સમ્માન માટે શ્રી અમિત હીરાચંદ મૈશેરી (નાની સિંઘોડી-રાયપુર)નું ભારતીય જનતા પાર્ટી રાયપુર શહર જિલ્લાના મહામંત્રી બનવા બદલ શ્રી ભાવિક શશીકાંત નાગડા (જખૌ-રાયપુર) જી.એસ.ટી.બાર એસોસિએશન રાયપુરના ઉપાધ્યક્ષ બનવા બદલ ડૉ.કેતન અશોક










# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલી મિલનનો આયોજન

શાહ (રાયપુર)નું, ઈન્ડીયન મેડિકલ એસોસિએશનના ઉપાધ્યક્ષ બનવા બદલ મોમેન્ટો અને શ્રીફળ, શાલથી બહુમાન કરવામાં આવેલ. ગીતાબેન હરીશ શાહ મેડિકલ સહાય યોજનાના રજત દાતા પરિવાર સૌ. રતનબેન તિલેશ શાહ પરિવાર (જખૌ-ધમતરી) અને પ્રેમધન ફાઉન્ડેશન શિક્ષા સહાય યોજનાના સ્વર્ણદાતા લાભાર્થી સૌ. જ્યોતિબેન રાયચંદ છેડા પરિવાર (નલિયા-સિહોર) હસ્તે સૌ. પ્રીતિબેન યશવંત છેડા (વરાડીયા-ભાટાપારા)નું મોમેન્ટો, શાલ, શ્રીફળથી બહુમાન કરવામાં આવેલ.

ત્યારબાદ શ્રી સરસ્વતી સમ્માન (વિદ્યાર્થી અભિનંદન) આ વર્ષે પાસ થયેલ સર્વે વિદ્યાર્થીનું પારિતોષિક અને સર્ટીફિકેટ આપવામાં આવેલ.















# શ્રી છત્તીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા દીપાવલી મિલનનો આયોજન

સંપૂર્ણ કાર્યક્રમનું ખૂબજ સરસ સંચાલન સૌ. હેમલબેન મનીષ લોડાયા દ્વારા કરવામાં આવેલ. ચિ. અર્પિત મનીષ લોડાયા, ચિ. કૃષ્ણા દીપેશ લાલકા, સૌ. પૂજા હિતેશ મોમાયા, ચિ. હર્ષિતા ચંદ્રેશ છેડાનું વિશેષ સહયોગ બદલ આભાર માનેલ. અંતમાં શ્રી હિતેશ શરદ મોમાયા એ આભાર પ્રદર્શન કરેલ અને સર્વેને ભોજન માટે આમંત્રિત કરેલ.



















# યશસ્વિતાનું અભિવાદન

INDIA

માઁ સરસ્વતીની કૃપા થઈ ન્યારી,
CA ની પદવી મેળવી પ્યારી,
તારા પુરુષાર્થ પર અમે સહુ ગયા વારી,
સહુએ વરસાવી આશિષની ફુલવારી.

## જાસ્મીન મીના મનોજ ધુલ્લા

**ગામ-સુથરી ♦ હાલ - વાપી**



વડિલોના આશીર્વાદ અને પોતાની ખંત-મહેનત અને શ્રેષ્ઠ પરિણામ મેળવવાની લગનથી **ચિ. જાસ્મીન** ને CA ની ગૌરવપ્રદ પરિક્ષામાં ઉત્તીર્ણ થવા બદલ હાર્દિક અભિનંદન. **CA જાસ્મીન** ભવિષ્યમાં પ્રગતિના સોપાન સર કરતી રહે એ જ શુભેચ્છા.

**શુભેચ્છક**

**માતા-પિતા :** મીના મનોજ ધુલ્લા

**દાદાણા :** માતુશ્રી વિજયાબેન કિશોરભાઈ ધુલ્લા-સુથરી/વડોદરા

**નાનાણા :** માતુશ્રી વિજયાબેન શાંતિલાલ મૈશેરી-લાલા/મુંબઈ

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરની કચ્છ ચૈત્ય પરિપાટી યોજાઈ

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજનના છત્તીસગઢમાં વસતા ક.દ.ઓ. (રાયપુર, ધમતરી, ભાટાપારા અને ભિલાઈના સભ્યો માટે સૌ. મંજુલાબેન કુલીનકાંત જીવાણી પરિવાર (જખૌ-રાયપુર) દ્વારા તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૫ થી તા.૨૫ ઓક્ટોબર ૨૦૨૫ ૫ દિવસીય કચ્છની પંચતીર્થ યાત્રાનું આયોજન કરવામાં આવેલ. તા.૨૧ ઓક્ટોબર ૨૦૨૫ના સવારે ૯.૪૦ ના પુરી ગાંધીધામ સુ.ફા.ટ્રેનથી રાયપુરથી ગાંધીધામ માટે રવાના થયેલ. તા.૨૨ ઓક્ટોબર ૨૦૨૫ના ૧૧ વાગે ગાંધીધામ પહોંચી બપોર સ્વામીવાત્સલ્ય બાદ ભુજમાં વાણીયાવાડમાં બેન મ.સા. પ.પૂ.સાધ્વી શ્રી સૌમ્યલતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી આયોજિત આ કચ્છની પંચતીર્થ યાત્રા મા સર્વે પધારેલ યાત્રિકોને પ.પૂ.સાધુ ભગવંત ચર્તુવિધ સંઘ સાથે માંગલિક ગુરૂવંદન બાદ ભુજ મહાજન દ્વારા સંઘપતિ પરિવારનું બહુમાન અને પ્રભાવના કરવામાં આવેલ.ત્યારબાદ શ્રી દેવપર ગામે ચાર્તુમાસ કરતા અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ને સવંતસરિક ક્ષમાયાચના ગરૂવંદન, માંગલિક, આશીષ વચન બાદ ચૌવિહારની સુંદર વ્યવસ્થા દેવપર મહાજને કરેલ. રાત્રે જખૌ ગામે પહોંચી રાત્રિ વિશ્રામ બાદ ૨૩ ઓક્ટોબરના સવારે જખૌ દેરાસરના દર્શન, પૂજન વંદન બાદ નવકારશીનું લાભ લઈ સર્વપ્રથમ મોટી સિંધોડીમાં ૧૦૦ વર્ષો બાદ ચાર્તુમાસ થતા પ.પૂ.હિતવર્ધનજી મ.સા.ને ગુરૂવંદન, પ્રવચન, માંગલિક બાદ ચા-પાણીની વ્યવસ્થા કરેલ. મોટી સિંધોડી મહાજને સઘપતિ પરિવારનું બહુમાન કરેલ. ત્યારબાદ શ્રી સાંયરા તીર્થમાં જિનાલય દર્શન બાદ સાયરા મહાજને સંઘપતિ પરિવારનું બહુમાન કરેલ. શ્રી સુથરી તીર્થમાં જિનાલય દર્શન બાદ પ.પૂ.સાધ્વીજીને ગુરૂવંદન, માંગલિક બાદ, શ્રી કોઠારા તીર્થમાં જિનાલયના દર્શન બાદ સ્વામીવાત્સલ્ય બાદ શ્રી સાંધવ તીર્થમાં જિનાલય દર્શન, પ.પૂ.સાધ્વીજીને ગુરૂવંદન બાદ ચા-પાણી પ્રભાવના કરવામાં આવેલ. શ્રી તેરા તીર્થમાં જિનાલય દર્શન બાદ પ.પૂ.સાધ્વીજીને ગુરૂવંદન માંગલિક બાદ શ્રી નલિયા તીર્થના જિનાલય દર્શન પ.પૂ.સાધ્વીજીને ગુરૂવંદન, માંગલિક બાદ ચૌ વિહારની સુંદર વ્યવસ્થા શ્રી નલિયા મહાજન દ્વારા કરવામાં આવેલ. રાત્રિ વિશ્રામ જખૌમાં કરેલ. તા.૨૪ ઓક્ટોબરના શ્રી જખૌ જિનાલય પરિસરમાં વિધિકાર શ્રી રાજાભાઈ નંદુ ટીમ સાથે સુમધુર સંગીત સાથે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન લાભાર્થી પરિવાર દ્વારા કરવામાં આવેલ. શ્રી સિદ્ધચક્ર પૂજન બાદ જખૌ મહાજન દ્વારા સંઘપિત પરિવારનું બહુમાન કરવામાં આવેલ. સંઘપતિ પરિવાર દ્વારા અને શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યાંત્રિક સંઘ દ્વારા સંઘ પૂજન કરવામાં આવેલ. મહાજનના પ્રમુખ શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા દ્વારા લાભાર્થી પરિવારનું મોમેન્ટો, શાલ શ્રી ફલથી બહુમાન કરવામાં આવેલ અને સંઘપતિ પરિવારે આ તીર્થયાત્રામાં પધારેલ સર્વ જ્ઞાતિજનોનું આભાર માનેલ બપોરે સ્વામીવાત્સલ્ય બાદ ગાંધીધામ માટે પ્રયાણ કરેલ. રાતે ૧૧ વાગે ગાંધીધામ-પુરી સુ.ફા.ટ્રેનથી રવાના થઈ રવિવારે સવારે રાયપુર પહોચેલ.

# સુરત ટ્રાફિક વિભાગના ડીસીપી પન્નાબેન મોમાયા ચેન્નઈ ખાતે ૨૩મી એશિયા માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં સ્પર્ધક તરીકે ઉતરશે

તા.૫ નવેમ્બરથી ૯ નવેમ્બર સુધી ચેન્નઈ ખાતે શરૂ થયેલ. ૨૩મી એશિયા માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં મૂળ વરાડીયા હાલે સુરતમાં ટ્રાફિક વિભાગના ડીસીપી તરીકે કાર્યભાર સંભાળતા પન્નાબેન મોમાયા ભારત તરફથી લાંબી કૂદ (લોંગ જમ્પ) ઊંચી કૂદ (હાઈ જમ્પ), ગોળા ફેંક (શોટપુટ) અને ભાલા ફેંક (જેવલીન થ્રો)ની સ્પર્ધામાં ઉતરશે. ૩૫ વર્ષથી વધુ વય જૂથના ખેલાડીઓની આ સ્પર્ધામાં ૪૦ દેશો ભાગ લઈ રહ્યાં છે.

જ્ઞાતિ માટે ગૌરવની વાત છે કે એક આઈપીએસ મહિલા અધિકારી એવા પન્નાબેન મોમાયા જુદી જુદી આટલી બધી એથ્લેટિક્સ રમતોમાં બેહદ રસ ધરાવે છે અને ચેમ્પિયન પણ છે.



## અચલગચ્છાધિપતિ શ્રી એ બાલ બ્રહ્મચારી, દીર્ઘ સંયમી,

## ગુરૂમૈયા પરમ પૂજ્ય સાધ્વી શ્રી હંસાવલીશ્રીજી મહારાજ સાહેબ ને

## પ્રવર્તિની મહતરા સાધ્વી મુખ્યા પદે અલંકૃત કર્યા તે

## માનમાં વિશેષ પૂર્તિ જ્ઞાતિમૈયા માં



**આ વિશેષ પૂર્તિ માટે**

**ગુરૂમૈયા પ.પૂ.સાધ્વી**

**શ્રી હંસાવલીશ્રીજી મ.સા.ને**

**આપ તેમના પ્રત્યેની**

**અનુમોદના, આદરભાવ**

**તેમજ તેમના**

**સાથેના સંસ્મરણો**

**શનિવાર**

**૧૫ નવેમ્બર ૨૦૨૫**

**સુધી લખીને મોકલો**

## આપ આપની જાહેરાત પણ આપી શકો છો

## કલર ફુલ પેજ રૂા.૧૦૦૦/-

**Kumar Dand - 99209 35414**

**Manisha Lalka - 98205 45734**

**Varsha Lodaya - 98330 72879**

**Email : gyatimaiya2018@gmail.com**

# પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરસાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૪૩મા વર્ષમાં પ્રવેશ



કચ્છ ગામ કોઠારાના માવિત્ર જયાબેન લીલાધર લખમશી દંડના ધર્મ-ગુણ સંસ્કારી પુત્રી મોક્ષ માર્ગ સ્વીકારવાના ભાવથી વિક્રમ સંવત ૨૦૪૦ના કારતક માસ કૃષ્ણ પક્ષ પાંચમ તિથિ દિને વરાડીયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન સ્વીકાર્યુ અને ગુરૂમૈયા પ.પૂ.આ.શ્રી સમ્યગદર્શનાશ્રીજી મ.સા.ના શિષ્યા તરીકે પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરસાશ્રીજી મ.સા. નૂતન નામ સાથે સંયમજીવન પથનું વિચરણ શરૂ કર્યું.

ધર્મ, તપ, ભક્તિ, ધ્યાન આરાધના કરતાં કરાવતાં દસ, વીસ, પચીસ, ત્રીસ ઉપરાંત ચાર દાયકાથી વધુ ૪૨ વર્ષ પસાર થઈ ગયા. આજે કારતક વદ પાંચમ તિથિ દિને પૂજ્ય સાહેબ એ સંયમ જીવનના ૪૩ મા વર્ષમાં મંગલ પ્રવેશ કર્યો છે. આ પાવન દિને સૌ ભાવિકજનો હૃદયથી કામના વ્યક્ત કરે છે કે સાહેબજી આજ પ્રકારે ધર્મ ભક્તિ તપ આરાધના કરતાં કરતાં સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી આગળ વધી સર્વોચ્ચ શિખર શતક વર્ષની ટોચે સુખરૂપ બિરાજે. શત શત વંદન, અભિનંદન પૂજ્ય સાહેબને.

# મુંબઈ યુનિવર્સિટીના ૫૮ મા યુવક મહોત્સવના ચિત્રપટ નિર્માણ વિભાગમાં સુવર્ણ ચંદ્રક મેળવેલ ટીમમાં મેમ્બર વેદિકા ગોસર

મુંબઈ યુનિવર્સિટી આયોજિત યુથ ફેસ્ટિવલ અંતર્ગત ૫૮ મા યુવક મહોત્સવના લઘુ ચિત્રપટ નિર્માણ વિભાગમાં પદ્મભૂષણ વસંતદાદા પાટિલ પ્રતિષ્ઠાન સંચાલિત વસંતદાદા પાટિલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ વિઝ્યુઅલ આર્ટસ, મુંબઈ સાયન એડવર્ડ નગરના વિદ્યાર્થીઓની ટીમએ સુવર્ણ ચંદ્રક મેળવ્યો.



આ વિભાગમાં રાજ્યભરમાંથી ૬૦ જણએ સહભાગ લીધો હતો. જેમાં બી.એફ.એ. એપ્લાઈડ આર્ટ ત્રીજા વર્ષની છ મેમ્બરની ટીમએ આશા શિર્ષકની શોર્ટ ફિલ્મનું નિર્માણ કર્યું હતું. સદર ફિલ્મમાં મહિલાઓ ઉપર થતા ઘરેલુ અત્યાચારને ઉજાગર કરાયો છે. વિજેતા થયેલ ટીમમાં બારોઈ-જલગામની કુ. વેદિકા ધર્મેન્દ્ર ગોસર ઉપરાંત જેનિસ વેગાસ, શ્રેયા શુકલા, વંશિકા શુકલા, સંજના સરંગકર અને શિરીપ સોનટક્કેનો સમાવેશ હતો. ટીમ દ્વારા નિર્મિત વિજેતા થયેલ ફિલ્મના નિર્ણાયક ટીમ સાથે પ્રેક્ષકો તરફથી બહોળાપણે પ્રશંસા કરાઈ હતી.

આગામી સમયે ઈન્દ્રધનુષ્ય નામે આંતર વિદ્યાપીઠ સ્પર્ધા જલગામ મધે યોજાનાર છે. તેમાં મુંબઈ યુનિવર્સિટી દ્વારા આ ચિત્રપટની સ્પર્ધક તરીકે એન્ટ્રી કરાવશે. કુ. વેદિકા ગોસર એ મેળવેલ સિદ્ધિ-સફળતા માટે હાર્દિક અભિનંદન અને ભવિષ્યની કારકિર્દી માટે ભાવપૂર્વકની શુભેચ્છા.

# બડગરા સંઘમાં કાર્તિક પૂર્ણિમાની ભવ્ય ધર્મ આરાધનાઓ થઈ







કેરાલા રાજ્યના રમણીય નગર એવા બડગરા સંઘમાં કાર્તિક પૂર્ણિમા નિમિત્તે ભાવપૂર્વક ભવ્ય રીતે ધર્મ આરાધનાઓ કરાઈ હતી. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમેરભેર ભાગ લઈ ધન્ય લાભ લીધો હતો.



# ખુબ ખુબ અભિનંદન



## Dr.Jinen Vipul Maisheri

**M.B.B.S. M.D. Internal Medicine**
ગામ સાંધાણ હાલે ગાંધીધામ

આપે આપના અથાગ મહેનત અને પરિશ્રમ કરી
**M.B.B.S. M.D. Internal Medicine**
ની ડિગ્રી પ્રાપ્ત કરી પરિવાર અને સમાજ નું ગૌરવ વધાર્યું તે બદલ
આશીર્વાદ સાથે ખુબ ખુબ અભિનંદન...
જીવનમાં તમામ ક્ષેત્રે પ્રગતિ કરતા રહો તેવી શુભેચ્છા

:: શુભેચ્છક ::

દાદા દાદી : માતુશ્રી ચંદનબેન અને કિશોરભાઈ મૈશેરી
માતા પિતા : અ.સૌ જયોતી અને વિપુલ મૈશેરી
નાનાણા : માતુશ્રી કાન્તાબેન આણંદજી ખોના પરીવાર
સાંધવ-ગાંધીધામ

# હુબલી સંઘમાં મહારાજ સાહેબના ચાતુર્માસ પરિવર્તન થયા



કર્ણાટક રાજ્યના હુબલી સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪ના ચાતુર્માસ પરિવર્તન થયા. સંઘના મોટી સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓ આ પ્રસંગે હાજર રહી મહારાજ સાહેબએ ચાતુર્માસ દરમ્યાન ધર્મ લાભ તપ આરાધના કરાવ્યા વ્યાખ્યાન વાણીથી પાવન કરવા માટે ભાવપૂર્વક વંદન કર્યા હતા.







# Anumodana

## Sanjivani Case - 206

**Name:Mrs. Bhavna Rajesh Munvar (Jiwani)    Age : 44 Yrs.    Village:Jakhau - Bhujodi(Bhuj)**

| | |
|---|---|
| **Uranium Patron** | |
| Shri Anantnathji Maharaj Jain Temple & Its Sadharan Fund Trust | 15,000.00 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 35,000.00 |
| **Uranium Patron** | |
| Matushri Laxmiben Hirji Valji Lalka, Sujapur - Dadar | 7,000.00 |
| **Sanstha / Lifetime Patron** | |
| Shree DBKDO Jain Ekkam, Bangalore | 5,000.00 |
| Shree Chhatisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 3,000.00 |
| Shree KDO Masjidbunder Jain Sangh, Mumbai | 2,500.00 |
| Shree KDO Jain Gnati Mahajan, Gandhidham | 2,000.00 |
| M/s. Deluxe Logistics Pvt. Ltd. (Shri Kirti Dhanji Dharamshi), Bangalore | 2,000.00 |
| **Diamond Patron** | |
| Jakhau Ratnatunk Jain Temple & Its Sadharan Fund Trust | 5,000.00 |
| Ek Sadgrahasth | 2,500.00 |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,000.00 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,000.00 |
| Late Matushri Bhanumati Manilal Dhulla & Late Shri Manilal Shivji Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,000.00 |
| **Gold Patron** | |
| Late Kumar Dhawal Mayur Lodaya( H: Matushri Jayaben Motilal Lodaya) Moti Khavdi , Ghatkopar | 2,000.00 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000.00 |
| Shri KDO Jain Sarvodaya Mandal, Mulund | 2,000.00 |
| Well Wisher | 1,000.00 |
| **Silver Patron** | |
| Well Wisher (Ek Sadharmik) | 1,500.00 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,000.00 |
| Ek Sadgrahasth | 1,000.00 |
| Late Matushri Bayabai Jethabhai Punjabhai Lodaya (Sayra) H: Shailesh Jethalal Nagda (Varapadhar) | 1,000.00 |
| Shrimati Harsha Vipul Momaya | 1,000.00 |
| **General Sanjivani Patron** | |
| Shri Hitesh Laxmichand Soni | 900.00 |
| **Individual Donors** | |
| Well Wisher ... A Silent Donor | 1,31,000.00 |
| Shri Raichand Devshi Jiwani, Jakhau - Dombivli | 25,000.00 |
| Shrimati Alpa Gautam Dharamshi, Kothara - Bangalore | 20,000.00 |
| Shri Shantilal Khimji Nagda (H: Smt. Pramilaben S. Nagda), Naliya - Mulund | 18,000.00 |
| Well Wisher | 5,000.00 |
| Shri Hans Bhawanji Khimji Charitable Trust, Bangalore | 5,000.00 |
| Shrimati Anjana Pratap Dharamshi, Mulund | 5,000.00 |
| Shrimati Madhuben Hirachand Dand, Lala - Mulund | 4,000.00 |
| Shri Dhaval Piyush Dand, Tera - Pune | 3,000.00 |
| Shrimati Geeta Harish Lodaya, Sayera - Raipur | 3,000.00 |
| Matushri Taraben Hirji Nagda, Vadodara | 2,501.00 |
| Well Wisher | 2,500.00 |
| Shri Piyush Hirachand Meisheri, Nani Sindhodi - Raipur | 1,100.00 |
| Shri Rajendrakumar Umarshi Desai (Lapasiya), Sayera - Raichur | 1,000.00 |
| Shri Hukamchand Javerchand Dharamsey, Manjal - Deolali | 1,000.00 |
| Matushri Navalben Jetshi Shial Parivar, Daltungi - Dombivli | 1,000.00 |
| Shri Shrikant Bankimchand Shah (Lodaya), Raichur | 500.00 |

**Shree Samast KDO Jain Mahajan**

**Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 75060 70851**

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા શ્રી શંત્રુજય મહાતીર્થ ભાવયાત્રાનું આયોજન



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા દર વર્ષે પ્રમાણે આ વર્ષે પણ શ્રી કુંથુનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં કારતક પૂનમ મંગળવાર તા.૪ નવેમ્બરના શ્રી શંત્રુજય મહાતીર્થ ભાવયાત્રાનું આયોજન કરવામાં આવેલ. ભાતાના લાભાર્થી શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડલ, રાયપુર હતા.

---


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુરની સ્થાપનાને ૩૫ વર્ષ પૂર્ણ થયા



શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન યુવા મંડળ, રાયપુર દ્વારા યુવા મંડલની સ્થાપનાને ૩૫ વર્ષ પૂર્ણ થયા તે બદલ શ્રી કુંથુનાથ જિનાલયમાં ૩૫ દીપક પ્રગટાવી આરતી અને મંગલ દીપક બાદ સર્વેને મિષ્ઠાન વિતરણ કરવામાં આવેલ. મંગળવાર તા.૪ નવેમ્બર ૨૦૨૫ના યુવા મંડળને ૩૫ વર્ષ પૂર્ણ થયા છે.



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જુલાઈથી સપ્ટેમ્બર માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.

| | |
|---|---|
| તા. ૦૯ નવેમ્બર ૨૦૨૫ | સમસ્ત ક.દ.ઓ. છેડા કુળના કુળદેવી અંબા માતાજીની સમુહ પહેડી તા. ૦૯ સપ્ટેમ્બર સવારે ૯.૧૫ ક. થી સારસ્વત વાડી, મુલુંડ. |
| તા. ૧૬ થી ૨૭ નવેમ્બર ૨૦૨૫ | શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન શ્રી સીમંધરસ્વામી નુતન જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ, નાસિક |
| તા. ૨૦ થી ૨૧ નવેમ્બર ૨૦૨૫ | કચ્છની મોટી પંચતીર્થીના પ્રવેશદ્વાર શ્રી સાંધાણ તીર્થે જિનાલયની ૧૭૩ મી વર્ષગાંઠ નિમિત્તે તા. ૨૦ ના અઢાર અભિષેક તથા તા. ૨૧ ના ધ્વજારોહણ. |
| તા. ૨૨ નવેમ્બર ૨૦૨૫ | નલિયાના ખોના કુળ ગોત્રના શ્રીજીપીર બાપાના સ્થાનકે સમુહ પહેડી પ્રસાદ ખોના ફલિયા, નલિયા સવારના ચડતે પહોરે. |
| તા. ૨૯ નવેમ્બર ૨૦૨૫ | શ્રી કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી સાંસ્કૃતિક કાર્યક્રમ |
| તા. ૨૭ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી, ટ્રેડ ફેર, ટ્રેઝરહન્ટ, મનોરંજન સહ ફુડ સ્ટોલ |
| તા. ૧૩ થી ૧૪ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી સિનિયર સિટીઝન પિકનીક |
| તા. ૨૮ ડિસેમ્બર ૨૦૨૫ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી વન ડે પિકનીક |
| તા. ૦૯ થી ૧૨ જાન્યુઆરી ૨૦૨૬ | પાલિતાણા સાધર્મિક યાત્રા (અનાજ કિટ, વૃદ્ધ પેન્શન, મેડીકલ સહાય લેતા વડિલો માટે) |
| તા. ૨૫ જાન્યુઆરી ૨૦૨૬ | કચ્છી દશા ઓશવાલ મંડળ-ડોંબિવલી રંજન સંધ્યા |

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**પ્રેમીલાબેન છેડા**
તા.૪ નવેમ્બર (ઉ.૮૭)
સુજાપર-ભાંડુપ



**રાજેશભાઈ મૈશેરી**
તા.૩ નવેમ્બર (ઉ.૫૬)
મોટી સિંધોડી-વિરાર



**હેલી મોમાયા**
તા.૭ નવેમ્બર (ઉ.૧૯)
વરાડિયા-મુંબઈ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● આદિપુર ગાંધીધામમાં એસ.આર.સી.સિંધુ રિસેપ્લમેન્ટ કોર્પોરેશન દ્વારા દોડાવવામાં આવતી સિટી બસ લાલ બસ તરીકે પ્રખ્યાત હતી. આ સેવા બંધ થયે બે દાયકા પછી નેશનલ થર્મલ પાવર કોર્પોરેશન દ્વારા દીનદયાલ પોર્ટને ૧૧ બસ આપવામાં આવશે. આ હાઈડ્રોજન બસ આદિપુર ગાંધીધામમાં સિટી બસ તરીકે દોડાવવામાં આવશે. જેનું સંચાલન એન ટીપીસી દસ્તક રહેશે. ૩૩ સીટરની આ બસ વહેતી સવારથી રાત્રિ સુધી ગાંધીધામ, આદિપુર, મેઘપર, બોરીચી, શિણાય, અંતરજાળ, ભારત નગર, સુંદરપૂરી સહિતના રૂટ ઉપર ચાલશે.

● લખપત તાલુકાના અકરી ખાતેનું ગુજરાત ખનિજ વિકાસ નિગમનું અકરી મોટા થર્મલ પાવર સ્ટેશન નવ મહિના બંધ રહ્યા પછી ૩૦૦ કરોડના ખર્ચે મરમત કાર્ય પૂર્ણ થયા પછી ટૂંક સમયમાં પુનઃ કાર્યરત થાય તેવી આશા જાગી છે. આ વીજ મથક ૧૯૯૯ માં પ્રારંભ થઈ વર્ષ ૨૦૦૧માં તત્કાલીન મુખ્ય મંત્રી કેશુભાઈ પટેલના હસ્તે કાર્યરત થયું હતું. આ વીજ મથક કોરિયા દેશની કેપ્કો કંપની ચલાવતી હતી. જે હવે પાવર મેક કંપનીને ચલાવવા આપવા જીએમડીસીએ કરાર કર્યા છે.

● આ વર્ષે કચ્છમાં ખેતી માટે કાચા સોના સમાન મેઘની મેહર વરસી છે. ખરીફ પાકને જ્યારે જરૂર હતી ત્યારે માગ્યા મેહર વરસતા ધરતી પુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. સારા વરસાદના પગલે અબડાસા તાલુકામાં ચોમાસું પાકનું વિક્રમી વાવેતર થયું છે. સર્વાધિક વાવેતર મગફળી, કપાસ, એરંડાનું થયું છે. વિક્રમ જનક વાવેતરને પગલે રેકોર્ડ બ્રેક ઉત્પાદન થવાની આશા સેવાઈ રહી છે. તાલુકામાં ૬૪૫૫૪ હેક્ટર ખેતીની જમીનમાં ચોમાસું પાકનું વિક્રમજનક વાવતેર કરવામાં આવ્યું છે. જે નલિયા, કોઠારા, ગરડા પંથક, લાલા સિંઘોડી, બિટ્ટા, તેરા, ડુમરા, વિંઝાણ, મોથાળા સહિત ગામોમાં થયું.

● મૂળ ભુજની વિદ્યાર્થીની વ્યોમા કમલેશ ઝવેરીને એનસીસીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શનને લઈને કેન્દ્ર સરકારની સંરક્ષણ મંત્રાલય દ્વારા પ્રશસ્તિ પત્ર અને ઈનામ મળ્યા. આમાં ભારતમાંથી માત્ર આઠ જણની પસંદગી થઈ હતી તે પૈકી વ્યોમા સમગ્ર ગુજરાતમાંથી પસંદગી પામનારી એક માત્ર કેડેટ હતી. વલ્લભ વિદ્યાનગર ખાતે એનસીસીની ૧૩મી બટાલિયન યુનિટ દ્વારા બહુ સારા દેખાવ બદલ વ્યોમા ઝવેરીનું સન્માન કરાયું હતું. વ્યોમાને કેન્દ્રના સંરક્ષણ મંત્રાલય દ્વારા એનસીસી કેડેટ તરીકેની કર્તવ્ય નિષ્ઠા, એવા અને શિસ્ત માટે બહુમાન મળ્યું હતું.

● વિનાશ ભૂકંપને વિસારે પાડીને વિકાસની પાંખે સવારે થયેલા એક સમયના પછાત અને અછતગ્રસ્ત ગણતા કચ્છ જિલ્લામાં દિવસો દિવસ વિકાસની ભરતી આવી રહી છે. તેમાં નવું નામ ઉમેરાયું છે રિલાયન્સ જૂથનું. ખાવડા બાજુ પુનઃ પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે આ જૂથે અંદાજે ૧૭૪ હજાર હેક્ટર જમીન માટે સૈધ્ધાંતિક મંજૂરી મેળવી છે. ૫.૫૦ લાખ એકર જમીનમાં ૫ લાખ કરોડનું અધધધ રોકાણ કરીને આ જૂથ ૧૦૦ ગિગાવોટ વીજળીનું ઉત્પાદન કરશે. આ અગાઉથી અદાણી જૂથે ખાવડા પાસે સ્થાપેલા સોલર પાર્કમાં ૪૨ ગિગાવોટ વીજ ઉત્પાદનની ક્ષમતા છે. આ દૃષ્ટિએ કચ્છ જિલ્લા એકલામાં આજથી દસ વર્ષ બાદ ૧૪૦ ગિગાવોટથી પણ વધુ વીજળીનું ઉત્પાદન થશે જે દેશની વીજ માગના ૫૦ ટકા જેટલું ઉત્પાદન એકલો કચ્છ જિલ્લો કરશે. અત્યારે જિલ્લામાં કુલ્લ વીજ ઉત્પાદન ૨૦ હજાર મેગાવોટનું છે જે સીધું ૧૪૦ ગિગાવોટ થઈ જશે. રિલાયન્સ સ્થાપિત વિશ્વની સૌથી સૌર પરિયોજના સિંગાપુરના કદ કરતા ત્રણ ગણી મોટી છે.

ARIHANT BANK

# SHRI ARIHANT CO-OP. BANK LTD.

## With LOWEST INTEREST Rates, we are still very much Co-operative

STAMP FRANKING
Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Branch | Phone |
|---|---|
| Bhandup (West) | 86526 30381 |
| Borivali (West) | 86526 30390 |
| Dombivli (East) | 86526 30386 |
| Ghatkopar (East) | 86526 30383 |
| Ghatkopar (West) | 86526 30385 |
| Masjid Bunder | 86526 30384 |
| Matunga | 86526 30389 |
| Mulund (West) | 86526 30382 |
| Thane (West) | 86526 30388 |
| Vashi | 86526 30387 |
| Kamothe | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

Working Hours : 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank